-----------------------------------

**મે.એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૭ માં,**
**મુ. અમદાવાદ.**

-----------------------------------

**ક્રિમી.કેસ નં.૬૩૯૬૬/૨૦૨૦**

ફરીયાદી : સ્ટેટ ઓફ ગુજરાત આંક:

વિ.

આરોપીઓ : (૧) ત્રિભોવનભાઈ ઉર્ફે દાસ રામજીભાઈ રાઠોડ
(૨) મહેન્દ્રભાઈ ઉર્ફે મોહમદભાઈ સ/ઓ ત્રિભોવનભાઈ રાઠોડ
બંનેરહે:મન્સુરીની ચાલી, ગુલાબનગર ચાર રસ્તા પાસે અમરાઈવાડી,અમદાવાદ.
(૩) જયસુખભાઈ ઉર્ફે જગદીશ ઉર્ફે જગો સ/ઓ ત્રિભોવનભાઈ ઉર્ફે દાસ રામજીભાઈ રાઠોડ
રહે: મ.નં. એ/૫૦૩, મંગલદીપ ફલેટ ગુલાબનગર ચાર રસ્તા પાસે,અમરાઈવાડી અમદાવાદ.
(૪) જીત ઉર્ફે જીતેન્દ્ર સ/ઓ મહેન્દ્રભાઈ ઉર્ફે મોહમંદભાઈ રાઠોડ
રહે:મન્સુરીની ચાલી, ગુલાબનગર ચાર રસ્તા પાસે અમરાઈવાડી,અમદાવાદ.

ગુનો:ઈ.પી.કો.કલમ: ૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૧૧૪
તથા જી.પી.એકટ કલમ: ૧૩૫(૧) મુજબ.

-----------------------------------

સરકાર પક્ષે વિ.એ.પી.પી. શ્રી.એચ.વાય.ત્રિવેદી
આરોપીઓ પક્ષે વિ. વ. શ્રી. કે.આર.ભદોરીયા

-----------------------------------

-: **<u>જજમેન્ટ</u>** :-

**૧.** આરોપી સામેના ફરીયાદ પક્ષના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે તા.૫/૯/૨૦૨૦ ના રોજ સવારના આઠેક વાગે આ કામના ફરીયાદી પોતાના ઘરે સુતા હોય તે દરમ્યાન પાડોશી આરોપી નં.૧ પાણીની લાઈન નાખવા બાબતે ફરીયાદીના પિતાજીને જેમ ફાવે તેમ ગંદી બિભત્સગાળો આપતા હોય જેથી ફરીયાદીના પિતાજીએ આ ત્રિભોવનભાઈ ઉર્ફે દાસને ગાળો આપવાની ના પાડતાં ફરીયાદીના પિતાજીને તથા તેમના ભાઈ શાહેદ કમલને આ કામના આરોપી નં.૧ તથા તેમના બે દીકરા આરોપી નં.૨ તથા આરોપી નં.૩ અને આરોપી મહેન્દ્રભાઈના દીકરા જીત નાએ બધા ભેગા મળી શરીરે ગડદાપાટુનો માર મારેલ અને આ દરમ્યાન ફરીયાદી તેમના પિતાજીને છોડાવવા વચ્ચે પડતાં આ કામના આરોપી નં.૪ નાએ પોતાની પાસે ની લોખંડની પાઈપ ફરીયાદીને કપાળના ભાગે મારતા ઈજા કરેલ અને બુમાબુમ થતાં આજુબાજુના લોકો વચ્ચે પડી ફરીયાદીને વધારે માર માંથી છોડાવેલ અને આરોપીઓ નાસી જઈ પાછળથી પકડાઈ ગયેલ હોય તે મતલબની ફરીયાદીએ ફરીયાદ રજુ કરતાં જરૂરી પોલીસ તપાસ પુરી કરી આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતાં ઉપરોકત ગુનાનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી માટે રજુ રાખવામાં આવેલ છે.

**૨.** આરોપીઓના.અદાલત રૂબરૂ હાજર થતાં તેઓને ક્રિ.પ્રો.કોડની કલમઃ ૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિનામૂલ્યે આપવામાં આવેલી છે.ત્યારબાદ ફરીયાદ પક્ષે કરવામાં આવેલા આક્ષેપોની વિગતવાર સમજુતી આપ્યા બાદ આંકઃ૩ થી વિગતવારનુ તહોમતનામું ફરમાવી , આંકઃ૪ થી

આરોપીઓનો સંયુકત જવાબ લેતાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતાં સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી છે.

**૩.** ત્યારબાદ ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

(અ) મૌખિક પુરાવો :

| કમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૬ | ફરીયાદી શૈલેન્દ્ર ઉર્ફે શૈલેષ આલજીભાઈ સોલંકી ની જુબાની. |
| ૨ | ૦૮ | શાહેદ પાયલ શૈલેન્દ્રભાઈ સોલંકી ની જુબાની. |
| ૩ | ૦૯ | શાહેદ આલજીભાઈ કેશવભાઈ સોલંકીની જુબાની |

(બ) દસ્તાવેજી પુરાવો:

| કમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | ફરીયાદ |
| ૨ | ૧૦ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૧ | હથીયાર રીકવરીનું પંચનામું |
| ૪ | ૧૨ થી ૧૪ | હથીયાર બંધીનું જાહેરનામું |

**૪...** ત્યારબાદ આંક:૧૫ ની કલોઝીંગ પુરસીસ રજુ થતાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એ પુરાવો પુરો થયાની જાહેરાત કરતા ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ.વ.શ્રી ની દલીલો ધ્યાને લીધી.

**૫...** સદર ફરીયાદના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**-: મુદ્દાઓ :-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે,આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ નાઓએ ફરીયાદીના પિતાજી સાથે પાણીની લાઈન નાખવા બાબતે જેમ ફાવે તેમ ગંદી ગાળો આપી , ફરીયાદીના પિતાજીએ ગાળો આપવાની ના પાડતાં આ કામના આરોપીઓએ ફરીયાદી તથા શાહેદ કમલને ભેગા મળી શરીરે ગડદાપાટુનો માર મારી તથા આરોપી નં.૪ નાઓએ પોતાની પાસેની લોખંડની પાઈપ ફરીયાદીના કપાળના ભાગે મારી ઈજા પહોંચાડી ઈ.પી.કો.કલમ: <u>૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૧૧૪</u> તથા જી.પી.એકટ કલમ: ૧૩૫(૧) મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલો છે?

(૨) શું હુકમ

**૬....** ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

<u>-: કારણો :-</u>

**૭...** સદર કામે આક્ષેપીત ગુનાઓ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે આંક:૬ થી ફરીયાદી શૈલેન્દ્ર ઉર્ફે શૈલેષ આલજીભાઈ સોલંકી જુબાની આપી જણાવે છે કે તેઓના પિતાજીને ચાલીમાં પાણીની લાઈન નાખવા બાબતે આ કામના આરોપીઓ સાથે બોલાચાલી થયેલી. ત્રિભોવનભાઈ પાણીની પાઈપ લાઈન નાખવા દેતા ન હોય તે બાબતે તકરાર ચાલતી હતી. ત્રિભોવનભાઈએ તેઓના પિતાજી તથા પાડોશમા રહેતા મોતીભાઈ વિરુધ્ધ નાગરવેલ ચોકી ઉપર અરજી આપતાં તે સબંધે પોલીસે તેઓને બોલાવેલ અને સમાજના માણસો વચ્ચે પડવાથી સમાધાન થયેલ અને તેઓની ગટર તથા પાણીની લાઈન નો પ્રશ્ન હલ થઈ ગયેલ. ત્યારબાદ ત્રિભોવનભાઈ અને તેઓના છોકરાઓ તેમના પિતાજી અને કમલ સાથે બોલાચાલી કરતા હતા,

તેઓને બોલાચાલી નહી કરવાનું જણાવ્યા છતાં ઉશકેરાઈ ગયેલ અને આજુબાજુના માણસો ભેગા થઈ ગયેલા જેથી ધકકા મુકકી થવાથી તેઓને તથા તેમના પિતાજી આલજીભાઈ તથા તેઓની પત્ની પાયલ ને ઈજાઓ થયેલી. ઈજા અંગેની સારવાર એલ.જી.હોસ્પીટલમાં કરાવેલ. પોલીસ આવી જતા તેઓએ બનાવ અંગેની ફરીયાદ આપેલી. ફરીયાદ આંક:૭ થી રજુ છે તે જોઈને તેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. આમ સદર શાહેદ તેઓની પોલિસ રુબરુની ફરીયાદ થી વિરોધાભાસી જુબાની આપતાં હોય ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા શાહેદ જાહેર કરવામાં આવેલ છે.તેઓને ફરી ગયેલા શાહેદ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી એ કરેલ ઉ.ત.માં પણ કોઈ ફળદાયક હકીકત બહાર લાવી શકેલ નથી જયારે બચાવ પક્ષે ઉ.ત.માં આ કામના આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ કામના આરોપીઓ પાસે કોઈ મારક હથીયાર હતા નહી. તેઓ એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે ટોળું ભેગું થઈ જવાથી ધકકા મુકકી થતાં પડી જવાથી તેઓને ઈજા થયેલી.

૮... તેવી જ રીતે ફરીયાદ પક્ષે આકં: ૮ થી આ કામના ફરીયાદીના પત્ની શાહેદ પાયલ શેલેન્દ્ર સોલંકી તથા આંક: ૯ થી ફરીયાદીના પિતા આલજીભાઈ કેશવભાઈ સોલંકી જુબાની આપી જણાવે છે કે ચાલીમાં પાણીની લાઈન નાખવા બાબતે આ કામના આરોપીઓ સાથે બોલાચાલી થયેલી. ત્રિભોવનભાઈ પાણીની પાઈપ લાઈન નાખવા દેતા ન હોય તે બાબતે તકરાર ચાલતી હતી. ત્રિભોવનભાઈએ તેઓના આલજીભાઈ તથા તેઓની પાડોશમાં રહેતા મોતીભાઈ વિરુધ્ધ નાગરવેલ ચોકી ઉપર અરજી આપતાં તે સબંધે પોલીસે તેઓને બોલાવેલ અને સમાજના માણસો વચ્ચે પડવાથી સમાધાન થયેલ અને તેઓની ગટર તથા

પાણીની લાઈન નો પ્રશ્ન હલ થઈ ગયેલ. ત્યારબાદ ત્રિભોવનભાઈ અને તેઓના છોકરાઓ તેમના આલજીભાઈ અને કમલ સાથે બોલાચાલી કરતા હતા, તેઓને બોલાચાલી નહી કરવાનું જણાવ્યા છતાં ઉશકેરાઈ ગયેલ અને આજુબાજુના માણસો ભેગા થઈ ગયેલા જેથી ધકકા મુકકી થવાથી આલજીભાઈ તથા પાયલબેન ને ઈજાઓ થયેલી. ઈજા અંગેની સારવાર એલ.જી.હોસ્પીટલમાં કરાવેલ. પોલીસ આવી જતા તેઓએ બનાવ અંગેની ફરીયાદ શૈલેન્દ્રભાઈએ આપેલી.ફરીયાદ અનુસંધાને પોલીસે તેઓનો જવાબ લીધે. તે સિવાય બીજી કોઈ હકીકત બનેલ નહી. આમ સદર બંને શાહેદો તેઓના પોલીસ રુબરુના નિવેદનથી વિરોધાભાસી જુબાની આપતાં હોય ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા શાહેદ જાહેર કરવામાં આવેલ છે.તેઓને ફરી ગયેલા શાહેદ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી એ કરેલ ઉ.ત.માં પણ કોઈ ફળદાયક હકીકત બહાર લાવી શકેલ નથી જયારે બચાવ પક્ષે ઉ.ત.માં આ કામના આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ કામના આરોપીઓ પાસે કોઈ મારક હથીયાર હતા નહી. તેઓ એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે ટોળું ભેગું થઈ જવાથી ધકકા મુકકી થતાં પડી જવાથી તેઓને ઈજા થયેલી.

૯.. આમ સમગ્ર પુરાવો વંચાણે લેતા જયારે આ કામના ફરીયાદી તથા શાહેદો જ જયારે તેમની ઉ.ત.માં આ કામના આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ કામના આરોપીઓ પાસે કોઈ મારક હથીયાર હતા નહી. તેઓ એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે ટોળું ભેગું થઈ જવાથી ધકકા મુકકી થતાં પડી જવાથી તેઓને ઈજા થયેલી તેમ જણાવતાં હોય ત્યારે ફરીયાદી એ પોતાની ફરીયાદ હકીકતને સમર્થનકારક પુરાવો રેકર્ડ

ઉપર રજુ રાખેલ નહોય આંક: ૭ ની ફરીયાદ સાબીત થયેલ માની શકાય નહી.તેવી જ રીતે ફરીયાદ પક્ષે આંક: ૧૦ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું, આકં:૧૧ થી હથિયાર રીકવરીનું પંચનામું તથા આંક: ૧૨ થી આકં:૧૪ મેડીકલ સર્ટીફીકેટ બચાવ પક્ષની સંમતીથી રજુ થયેલ છે.પરંતું કોઈ પંચશાહેદોને ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ નથી જેથી પંચનામાના કન્ટેન્સ પુરવાર થયેલ નથી. જેથી પંચનામું સાબીત થયેલ માની શકાય નહી. તેવી જ રીતે સદર કામે કોઈ મેડીકલ ઓફીસર કે સારવાર આપનાર ડોકટર શ્રી.ને ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ હોય તેવું રેકર્ડ ઉપરના પુરાવાથી જણાઈ આવતું નથી જેથી ફરીયાદી તથા શાહેદને થયેલ ઈજાઓ સાબીત થઈ શકેલ નથી. આમ રેકર્ડ ઉપરના પુરાવાથી બનાવ બનેલ હોવાનું જણાઈ આવે છે પરંતું આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ નાઓએ ફરીયાદીના પિતાજી ને પાણીની લાઈન નાખવા બાબતે જેમ ફાવે તેમ ગંદી ગાળો આપી , ફરીયાદીના પિતાજીએ ગાળો આપવાની ના પાડતાં આ કામના આરોપીઓએ ફરીયાદી તથા શાહેદ કમલને ભેગા મળી શરીરે ગડદાપાટુનો માર મારી તથા આરોપી નં.૪ નાઓએ પોતાની પાસેની લોખંડની પાઈપ ફરીયાદીના કપાળના ભાગે મારી ઈજા પહોંચાડેલ હોય તેવો ફરીયાદ પક્ષનો કેસ રેકર્ડ ઉપરના પુરાવાથી નિ:શંકપણે સાબીત કરી શકેલ નહોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દાન ં.ર અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

**૧.** આ કામના આરોપીઓ:(૧) ત્રિભોવનભાઈ ઉર્ફે દાસ રામજીભાઈ રાઠોડ(ર) મહેન્દ્રભાઈ ઉર્ફે મોહમદભાઈ સ/ઓ ત્રિભોવનભાઈ રાઠોડ બંનેરહે:મન્સુરીની ચાલી, ગુલાબનગર ચાર રસ્તા પાસે,અમરાઈવાડી,અમદાવાદ.(૩)

જયસુખભાઈ ઉર્ફે જગદીશ ઉર્ફે જગો સ/ઓ ત્રિભોવનભાઈ ઉર્ફે દાસ રામજીભાઈ રાઠોડ રહે: મ.નં. એ/૫૦૩, મંગલદીપ ફ્લેટ,ગુલાબનગર ચાર રસ્તા પાસે,અમરાઈવાડી અમદાવાદ. (૪) જીત ઉર્ફે જીતેન્દ્ર સ/ઓ મહેન્દ્રભાઈ ઉર્ફે મોહમંદભાઈ રાઠોડ રહે:મન્સુરીની ચાલી, ગુલાબનગર ચાર રસ્તા પાસે,અમરાઈવાડી,અમદાવાદ. નાઓને ક્રિ.પ્રો.કોડ કલમ: ૨૪૮(૧) અન્વયે ૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટ કલમ: ૧૩૫(૧) મુજબ ના શીક્ષાને પાત્ર ગુન્હામાંથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.**.મુદ્દામાલ પાવતીમા જણાવેલ મુદ્દામાલ લોખંડની પાઈપનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩...**આરોપીના હાલના જામીનખત રદ કરવા તેમજ આરોપીને સી.આર.પી.સી. કલમ:૪૩૭(એ) અન્વયે અપીલ થતા સુધીના જામીન રજુ કરવા.

હુકમ આજ તા.૮ મી માહે જુન સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, જાહેર કર્યો.

(કુ.શબાના અબ્દુલકાદર મનસુરી)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૦૭, અમદાવાદ.
***કોડ ન. જી.જે.૦૧૦૨૪***